જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૯/૨૦૧૭ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૯૫૨/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૨૯ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૧૯૦ લીટર દેશી દારૂ, ૮૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૮૨ બીયરટીન અને ૦૨ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૪ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૪,૯૯૫/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૫૩/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ :- સમાચાર યાદી નં.૧૯૫૪/૧૭**

**નિકોલ** : નિર્મલસિંહ ધીરેન્દ્રસિંહ ચાવડા (ઉ.વ.૨૯)(રહે,ઉત્સવ રેસીડેન્સી ની પાસે સરદાર પટેલ રીંગ રોડ નિકોલ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૯/૧૭ નાં કલાક ૧૦/૦૦ થી તા.૨૫/૯/૧૭ રાતના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘર મુખ્ય દરવાજાના નકુચાનું તાળુ તોડી, કોઇ અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૬,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૧,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી હરનામસિંહ છોટેસિંહ ચલાવે છે.

**કાગડાપીઠ** : જયશ્રીબેન અનિલકુમાર જાની (ઉ.વ.૪૮)(રહે,મંગલ પાર્ક સોસાયટી, પટેલ વાડી પાસે, ખેડા, તા.જી.ખેડા) એ તા.૨૬/૯/૧૭ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૮/૨૦૧૭ બપોરના ૨/૪૫ થી ૩/૦૦ વાગ્યા દરમ્યાન ગીતામંદિર, નવા બસ સ્ટેન્ડ ખાતે જયશ્રીબેન બસમાં ચડવા જતા હતા ત્યારે કોઇ અજાણી વ્યક્તિએ જયશ્રીબેનની નજર ચુકવી તેમનાં પાકીટમાં મુકેલ સોનાના દાગીના કિંમત રૂપિયા ૮૬,૦૦૦/- મતાનાં પાકીટની ચેઇન ખોલી ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એલ.રોહીત ચલાવે છે.

<u>નજર ચુકવી ચોરી :-</u> <u>સમાચાર યાદી નં.૧૯૫૫/૧૭</u>

**આનંદનગર** : મહેશકુમાર લખપતરાય કેલા (ઉ.વ.૫૭)(રહે,જલધારા સોસાયટી પારસનગર પાસે વટવા રોડ ઈસનપુર) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૯/૧૭ સાંજનાં ૭/૦૦ વાગ્યાનાં સુમારે આનંદનગર સીમા હોલની કોર્નરે રોડની સાઈડમા પાર્ક કરેલ પોતાની કારમાંથી બે અજાણ્યા ઈસમો (૩૦ થી ૩૫ વર્ષના આશરાનાં) મહેશભાઇની નજર ચુકવી કારમાંથી રોકડ રૂપિયા ૪૭.૦૦૦/- મુકેલ પ્લાસ્ટીકની થેલી ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી રણછોડભાઈ જાદવભાઈ ચલાવે છે.

<u>આત્મહત્યા :-</u> <u>સમાચાર યાદી નં.૧૯૫૬/૧૭</u>

**નરોડા** : નિધી ડો/ઓ જગદીશભાઇ ડાભી (ઉ.વ.૨૭)(રહે,પ્રહલાદપાર્ક સોસાયટી, જી.ઇ.બી.સામે દહેગામ રોડ નરોડા) એ કોઇ અગમ્ય કારણોસર તા.૨૬/૦૯/૧૭ ના કલાક ૧/૫૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે બેડરૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.રમેશભાઇ અમૃતભાઇ ચલાવે છે.

**રામોલ** : ભાવનાબેન વા/ઓ અશોકભાઈ સેવક (ઉ.વ.૪૦)(રહે,જીવનધારા સોસાયટી, જામફળવાડી રામોલ) એ કોઇ અગમ્ય કારણોસર તા.૨૬/૦૯/૧૭ બપોરના ૧/૪૦ થી ૨/૧૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ પો.સ.ઇ.પી.ડી.સોલંકી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.